





સ્વાર્થે બંધાયા, સૌની પક્ષમાં નિષ્ઠા ખૂટે છે
બધાને પદની મહત્ત્વાકાંક્ષાઓ ફૂટે છે,
તૂટે 'આપ'ની પાર્ટી સ્ટીંગ અને નિવેદનોથી -
દંભી એકતા થઇ વેરવિખેર, ટૂટે છે..
('આમ આદમી' ભાંગી પડ્યો)




પાપના સાક્ષી!
કોંગી કૌરવો વચ્ચે
ફસાયા ભીષ્મ..
(બિચારા મનમોહનસિંહ)

બપોરે ગ્રીષ્મ,
સવાર સાંજ ટાઢ -
ને વચ્ચે વર્ષા..
(થ્રી ઇન, વન ડે)

## ચિંતન

**સંતાપિતાનાં મધુરૈવચોભિમિનચોપ ચારૈશ્ચ વશી કૃતાનામ્ ।**
**આશાવંન્તો શ્રદ્‌ધાતાં ચ લોકે કિમર્થિનાં વચાચિતા વ્યમસ્તિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ચાચક-ભિક્ષુક-માગણની નિંદા' નામના વિભાગમાંથી લેવામાં આવ્યો છે :

મીઠાં-મધુરા-લોભામણાં વચનોથી જેમને સંતોષ આપેલો છે. ખોટાં-દંભી માનપાનથી જેમને વશ કરવામાં આવ્યાં છે. એવા ધનિકોમાં જે લોકો માત્ર લાભની આશા અને અપેક્ષા રાખી કંઇક મળશે એવી શ્રદ્ધાથી જ જેમની સેવા કરવામાં એવા સ્વાર્થ લોલુપ સેવકો હવે આ લોકમાં ધનિકોને છેતરવામાં શું બાકી રાખતા નથી?

હમણાં જ કેટલાંક કિસ્સા બહાર આવ્યા એકના ત્રણ ગણા કરી આપનાર બાપુ, અને બિલ્ડિંગ-નગરનાં મોટાં-મોટાં આયોજનના નકશા બનાવી પ્રધાનશ્રીઓ-પોલીસો-અધિકારીઓનાં બે નંબરી-લાંચ-ખાયકી-કૌભાંડો દ્વારા એકત્ર કરેલાં નાણાં ખંખેરી લેતા હોય એવા રોકાણકારો ન ઘેર કોઠી પણ નથી હોતી કે એમાં મોઢું છુપાવી રડે - મનમાં ને મનમાં, સમ-સમી બેસી રહેવા સિવાઇ આવા લોકો કંઇ જ કરી શકતા નથી.

આજના જમાના આવા લબાડ-જુઠ્ઠા યાચકો, લોકોને મીઠું બોલી-ખોટું માન-સન્માન આપી-દાંભિક પ્રેમ ઉભો કરી ધનિકોને વિશ્વાસમાં લેતા હોય છે.

## સુવિચાર

- અનાયાસે પ્રાપ્ત થયેલું ધન, પરિશ્રમ, પુરુષાર્થ વગરનું જીવન અને સાચી ભૂખ વિનાનું ભોજન આ ત્રણેય ભલે થોડો સમય આનંદ આપે તો પણ સરવાળે તે હાનિકર્તા છે **- કન્ફુશિયસ**
- ધનનાં લોભથી જગતમાં કયારેય સારૂં કામ થયું નથી અને થશે પણ નહીં- **એસ. ભટ્ટાચાર્ય**
- ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, અહિંસા, સંયમ અને તપ એનાં લક્ષણો છે, જેનું મન ધર્મમાં હંમેશા રમ્યા કરે છે તેને દેવો પણ નમન કરે છે **- પુનિત મહારાજ**
- સારા મનુષ્યો તેમના દોષ વડે, તેમની ભૂલો વડે ઘડાયા છે **- ક્રાંતિ ભટ્ટ**
- હોવાની ફરિયાદો ના કર, હોવું દુઃખતી રગ છે, દુનિયા નામે ઠગ છે, કયાં તારૂં આ જગ છે **- અઝીઝ ટંકારવી**
- મોતના વિચારોથી તમે ખુશ થજો અને એટલું ખાતરીપૂર્વક જાણજો કે એક ભલો માણસ આ જીંદગીમાં અથવા તો મરણ બાદ દુઃખી થઇ શકતો નથી **- સોક્રેટિસ**
- માહિતી મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી, મેળવેલ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે **- કાકાસાહેબ કાલેલકર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

માણસના જીવનમાં સમસ્યાઓ, ખરાબ પરિસ્થિતિ-કપરાં સંજોગો તો આવતા જ હોય છે પણ આપણી સાચી કસોટી એવી ઘટનાઓનો સામનો કેવી રીતે કરો છો તેમાં રહેલી છે. હસતાં; હસતાં કે પગ પછાડી કકળાટ કરીને પણ સામનો થાય - ઘણાં લોકો જાતે રડે અને આસપાસનાને પણ રડાવે છે.

એક યુવાન, સામાજિક-આર્થિક સમસ્યાઓથી કંટાળી એક સંત પાસે આવ્યો અને દિક્ષા આપી શિષ્ય બનાવવા વિનંતી કરી.

ગુરુ કહે જો ભાઇ, આમ તરત દિક્ષા અપાય નહીં, તારો સ્વભાવ, આચરણ, ધૈર્ય-સહનશક્તિ બધાની માટે કસોટી કરવી પડે.

યુવાન કહે - આ સંસાર-વ્યવહારમાં મેં જેટલી સમસ્યાઓ-આપત્તિઓ વેઠી છે એટલી કોઇએ ભાગ્યે જ સહન કરી હશે.

સંત કહે - જો ભાઇ કુંભારનાં નિંભાળાના ભઠ્ઠામાં કેટલાંય માટલાં પ્રખર તાપમાં દિવસો સુધી એક સાથે રોકાય છે છતાં જયારે બધાં બહાર નિકળે ત્યારે કોઇ તડ વાળાં - કોઇ તૂટેલાં કોઇ ગોબાચેલા હોય છે. સળંગ સારાં બે કે પાંચ જ હોય છે.

આપત્તિનો સામનો તમે કેવી રીતે કરો છો અને એમાંથી કેવી રીતે બહાર આવો છો એ મહત્ત્વનું છે આપત્તિ વેઠવાનું માત્ર નહીં.

Email - sureshchandrabhatt18@gmail.com

# શ્રી દર્શક ફાઉન્ડેશન તરફથી "દર્શક સાહિત્ય એવોર્ડ" કવિ લાભશંકર ઠાકરને એનાયત કરવામાં આવશે

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
## શબ્દ સેતુ
**સંપાદકો : નટવર હેડાઉ, મૂળજીભાઈ પરમાર 'દધિ'**

### શુભકામના સેતુ

ગાંધીનગર સમાચાર ઘણા આરોહ-અવરોહ વચ્ચે, તેની સંઘર્ષયાત્રાનાં ઓગણત્રીસ વર્ષની મજલ કાપી, જયારે ત્રીસમા વર્ષમાં પ્રવેશીને અડગતાથી આગેકૂચ કરી રહેલ છે ત્યારે, આ નગરને એક કર્મચારી નગરમાંથી એક સંસ્કારી નગર - લોકભોગ્ય નગર અને સાહિત્યનગરની એક આગવી અને અનોખી પ્રચંડ પુરુષાર્થ દાખવી સિંહફાળો આપેલ છે તે બદલ, આ નગર 'ગાંધીનગર સમાચાર' અને પગ વગરનાં પુનિત પગલાં પાડનાર શ્રી કૃષ્ણકાન્ત જહાનું ઓશિંગણ રહેશે. નીડર અને નિષ્પક્ષ પત્રકારત્વની કંડારેલ કેડી, એ એક મહા રાજમાર્ગ બની, ઉત્તરોત્તર સિદ્ધિનાં સોપાન સર કરે તેવી દધિ છલકતી શુભકામનાઓનો રસથાળ સાદર.

### સમાચાર સેતુ

● ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા 'આપણો કવિતા વારસો' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્યસભા, ગાંધીનગરના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કવિ મુખે રેલાતા કાવ્યનો આસ્વાદ માણવા, નગરના સાહિત્યકારો, સાહિત્ય રસિકો ભાવકો અને સંસ્થાના સર્વે સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

તારીખ : ૧૫-૩-૨૦૧૫, રવિવાર, સાંજે ૬.૦૦ વાગે, સેક્ટર-૨૧, ગાંધીનગર
સ્વાગત-ભૂમિકા : નટવર હેડાઉ
કવિ પરિચય : હરિકૃષ્ણ પાઠક
કાવ્ય પઠન : કવિ રવીન્દ્ર પારેખ

● ● ●

● શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશનનાં ઉપક્રમે, સાવરકુંડલા ખાતે તા. ૭-૧-૨૦૧૫ના રોજ, સાહિત્ય સન્માન પર્વ - અંતર્ગત પૂ. મોરારિ બાપુના વરદ્ હસ્તે 'સ્વ. નાનાભાઇ જેબલિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર-૨૦૧૫' સાહિત્યકાર કવિ સ્નેહી પરમારને અર્પણ થયો. મનુભાઇ પંચોળી 'દર્શક' સાહિત્ય સન્માન પુરસ્કાર-૨૦૧૫ સાહિત્યકાર મનસુખ સલ્લાને અર્પણ થયો.

● ગુજરાતી સાહિત્ય સભા તરફથી સાહિત્ય તથા અન્ય વિદ્યાઓમાં વિશેષ કાર્ય કરતા સર્જક સંશોધકને આપવામાં આવતો 'ધનજી કાનજી ગાંધી ચંદ્રક-૨૦૧૩' માટે શ્રી જોરાવરસિંહ જાદવને અર્પણ કરાશે.

● શ્રી દર્શક ફાઉન્ડેશન તરફથી "દર્શક સાહિત્ય એવોર્ડ" કવિ લાભશંકર ઠાકરને એનાયત કરવામાં આવશે.

● દિલ્હી સાહિત્ય અકાદમીના ઉપક્રમે "શ્રેષ્ઠ યુવા સર્જક પુરસ્કાર-૨૦૧૪" યુવા કવિ અનિલ ચાવડાના પુસ્તક "સવાર લઇને" માટે એનાયત થયો છે. જયારે ભારતીય ભાષા પરિષદ - કલકત્તાના ઉપક્રમે કવિ ભાવેશ ભટ્ટને વર્ષ ૨૦૧૪ માટેનો આ યુવા પુરસ્કાર એનાયત થયો છે.

### સાહિત્ય અવસર સેતુ

માતૃભાષા ગુજરાતીના સાહિત્યને હરપળ-હરઘટી જીવંત-ધડકતું-ધબકતું રાખવા વર્ષોથી કાર્યરત એવી ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક તા. ૮-૩-૨૦૧૫ને રવિવારના રોજ પ્રફુલ્લિત વાતાવરણમાં સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્‌ભાવથી તેમના કાર્યાલયમાં ઉપપ્રમુખ સુરેશ ભટ્ટના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઇ. જેમાં સૌ પ્રથમ મા શારદાની સ્તુતિવંદના મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, ઉપસ્થિત સર્વેના ધબકતા સૂરસંધાનથી રજૂ કરવામાં આવી. ત્યારબાદ કડી કેમ્પસના ડાયરેક્ટર અને આ સંસ્થાના કારોબારી સભ્ય ડો. સોમભાઇ પટેલ દ્વારા, આ સંસ્થાના ઉપક્રમે યોજવામાં આવેલ લેખ-સ્પર્ધાના વિજયી છાત્રોને અધ્યક્ષ સુરેશ ભટ્ટના હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યાં જેમાં (૧) સોલંકી અમિતાને "દીકરી તો પારકી રાખીને પારકી જ માની" લેખ માટે (૨) ઠાકરો હુસ્ના અંબાલાલ ને "પ્રકૃતિની પાસે, પ્રકૃતિની સાથે, પ્રકૃતિના ખોળામાં" લેખ માટે (૩) કુ. મેઘનાને "મા-બાપને ભૂલશો નહીં" માટે નો સમાવેશ થયો.

ત્યારબાદ વંદન ભૂપેશ રાવલ 'નિમિત્ત' - બાલકવિ દ્વારા ગઝલ "અનાથ" રજૂ કરવામાં આવી. ત્યારબાદ સભામાં ઉપસ્થિત કવિઓ (૧) રણછોડ વી. પરમાર (૨) મંગળદાસ પારેખ (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' (૪) સુમંત શાહ (૫) રમણભાઇ શ્રીમાળી (૬) ઇશ્વરભાઇ જોષી (૭) કાંતિલાલ શર્મા (૮) મહેન્દ્ર કે. ચૌહાણ 'સાગર' (૯) મહેન્દ્રભાઇ એસ. રાઠોડ (૧૦) સંજય થોરાત દ્વારા તેમની સ્વરચિત રચાઓનું પઠન કરવામાં આવ્યું. જેને સર્વેએ નાણી, માણી અને વખાણી. મંત્રી સંજય થોરાતે આભાર વિધિ કર્યા બાદ સભાની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

### કાવ્ય સેતુ : વસંત હોય છે

બે પ્રેમીઓ જયાં જયાં મળે વસંત હોય છે,
હોઠોના ખૂણે જિંદગી હસંત હોય છે.
ફૂલોનાં ધામ એમના ગાલો મહીં મળે,
જાણે છે જાણકાર શી સુગંધ હોય છે.
ઝાલીને દોર હાથમાં ભાળ્યા કરે છે શું?
આકાશમાં તો કયાં કદી પતંગ હોય છે?
જખ્મો સજાવી કયારના બેઠા છે ઘાયલો
પ્રતિક્ષા એમની સદા અનંત હોય છે.
ફાટી ગયા છે એક બે પાનાં હિસાબમાં,
યાદી બધી યે એમની સળંગ હોય છે.
ગુલાબી ગાલના ફૂલે જરા શી મેંશ શા,
કેવાં કેવાં હસીન પણ કલંક હોય છે?
ટાળ્યા કરુ છું પ્રશ્ન હું કળીઓની આંખના,
'છૂપાઇ ગયા કયાં તમે?' પૂછંત હોય છે.

**- રણછોડ વી. પરમાર**

### રૂડી વસંત આવી

મલપતિ, મલકતી રૂડી વસંત આવી
વનવગડે રંગબેરંગી પુષ્પો સજાવી.
ફૂલોની ફોરમ ચોગરદમ પ્રસરાવી
મઘમઘતી, મહેંકતી આ વસંત આવી.
ધરા આંચલે લીલી નાધેરને પ્રસરાવી
પ્રીતના પાનેતરને ફરફર પ્રસરાવી.
આંખનાં અદકેરા નીતર્યા અમી વર્સાવી.
મઘમઘતી, મહેંકતી આ વસંત આવી.
જીવનમાં પ્રિતની રૂડી રીત શિખવાડી.
સ્મિતભર્યા અધરે સ્નેહનાં ગીત રેલાવી,
મિલનની મધુર પરિમલ પધરાવી.
મઘમઘતી મહેંકતી આ વસંત આવી.
લઇ હોળીનાં 'દધિ' ભર્યા રંગો વિખરાવી,
અતલધરા શણગારતી વસંત આવી.

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

### રૂડો ઋતુરાજ

વગડે વાયા વસંતના વાયરા
મારા મનનાં મનોરથ જાગ્યા.
મઘ-મઘ મહેંકી ઊઠ્યો વગડો
કેસુડાએ કામણ વગડો શણગાર્યો,
કોયલે કામણના ટહૂકા રેલાયા,
હૈયું હાલક-ડોલક હરખાયું...
જુવાન હૈયાં હચમચી હિલોડે હેંચ્યા.
ફૂલો મહેંકી ઊમંગે ઊભરાયાં,
વનરાજીએ કોમળ કૂંપળો શણગારી,
કેડીએ કેડીએ જંગલમાં વસંત મહેંકી
રૂડો ઋતુરાજ રૂપમહીં મ્હોર્યો, મ્હોર્યો
અંગે અંગમાં જાદુ તેનો પ્રસર્યો.

**- મંગળદાસ પારેખ**

# યૌવન એક મહામૂલી તક

**આપણે છીએ તો પરીક્ષા છે**
**- નટવર આહલપરા**

'મારા બહાદુર બાળકો, મહાન કાર્ય કરવાને તમે સરજાયા એવી શ્રદ્ધા રાખો, કૂતરા ભસભસ કરે તેથી બીતાં નહીં, અરે! તૂટી પડે તો, તોપણ શું ટટ્ટાર ખડાં રહો અને કામ કરો.'

**- સ્વામી વિવેકાનંદ**

ગુલાબી સ્વપ્નોનો સંચાર થયો છે. સ્ફૂર્તિનું વાતાવરણ સર્જાયુ છે. શરીરમાં ઉત્સાહ, થનગનાટ, શરીરસંપત્તિ અને ચૈતસિક સંપત્તિ પરાકાષ્ઠાએ હોય છે. અશક્ય શબ્દ યુવાનોનો ડિક્ષનરીમાં હોતો જ નથી. જો કે અવિચારીપણું, ઉન્મત્તતા અને ઉતાવળ જો ભળી જાય તો યૌવન એળે જાય છે. યુવાની ધૈર્યના અભાવને કારણે મુરઝાઇ જાય છે.

પરિણામની ચિંતા કર્યા વગર સત્યનું અનુકરણ કરો. આદર્શના અંતિમ ધ્યેય સુધી પહોંચો. બીકણ અને દંભી બનો નહીં.

ઉપવનમાં ખીલેલું પુષ્પ સુંદર ભલે લાગે પણ પવનની ભારેખમ લહેરખી આવતાં પુષ્પ ખરી જાય છે. જિંદગીમાં પહેલું જ પદાર્પણ હોવાથી જીવન શું છે? કયાં વિઘ્નો આવે છે? યૌવનને તેની સમજ ન હોય, તે સ્વાભાવિક છે. પરિણામે યુવાની સ્વયંસચાલિત મિસાઇલ જેવું ધારેલું લક્ષ્ય સિદ્ધ કરે પણ અનિયંત્રિત ચોક્કસ હોય જ.

આ બધું કરવા વૃદ્ધાવસ્થા પાંગળી પડે, શૈશવ તેને આંબી શકે તેવું ન હોય, પોતાનો, કુટુંબનો, સમાજનો, દેશનો વિકાસ એ વિવેકયુક્ત યુવાની દ્વારા જ થયો હોય છે અને યુવાન જ કરી શકે છે. આથી ઉપનિષદે કહ્યું છે : "યુવાની ચરિત્રશીલ, આશાવંત અને દૃઢ મનોબળવાળી હોય છે."

બત્રીસ વર્ષમાં શંકરાચાર્ય જો દિગ્વિજય કરી શકતા હોય, વિવેકાનંદ જ્ઞાનયોગ, કર્મયોગ અને ધર્મયોગનો સમન્વય કરી શકતા હોય, રામકૃષ્ણ મિશન સ્થાપી શકતા હોય. યુવાન ગાંધીએ પહેલાં સત્યાગ્રહના પગરણ દક્ષિણ આફ્રિકામાં માંડ્યા. સુભાષ, જવાહર યુવાન જ હતા ને! જ્ઞાનેશ્વર મહારાજે ભગવદ્‌ગીતા પર 'જ્ઞાનેશ્વરી' નામક ટીકાટીપ્પણ માત્ર સોળ વર્ષની વયે જ લખેલી.

સંસ્કૃતના મહાન લેખક ભવભૂતિ એક પ્રસંગ નોંધે છે : અરુંધતિ સીતાને કહે છે : 'તું મારી પુત્રી હો કે શિષ્યા હો, ભલે ગમે તે હો પણ તારી વિશુદ્ધિ મને ભક્ત બનાવે છે.' કારણ કે, ગુણો પૂજવા યોગ્ય છે, જાતિ કે ઉંમર નહીં.

ઋગ્વદનો એક પ્રસંગ આજની એકવીસમી સદીમાં પણ માનવો પડે તે યાદ આવે છે. આંગિરસ નામનો યુવાન ઘરડા દાદા-દાદીને પુત્ર-પુત્રી તરીકે બોલાવે છે. ત્યા વડીલોને ખોટું લાગે છે અને કહે છે કે તું અમને શું જોઇને તું પુત્ર-પુત્રી કહે છે? ત્યારે આંગિરસ દેવોને પૂછવાનું કહે છે કે મેં બરોબર સંબોધન કર્યું છે ને? દેવોએ આંગિરસની તરફેણમાં નિર્ણય આપ્યો.

જે યુવાનો તેજસ્વી, ઉત્સાહથી પરિપૂર્ણ ધ્યેયલક્ષી હોય એ જ મહાન છે. ભલે તેમાં આવેગથી કામ લેવાતું હોય આ બધું હોવા છતાં કોઇ પણ લક્ષ્યની સિદ્ધિ માટે યુવાની જ પહેલો અને છેલ્લો અવસર છે. અને એટલે જે મહામૂલી તક છે.

જે યુવાનો તેજસ્વી, ઉત્સાહથી પરિપૂર્ણ ધ્યેયલક્ષી હોય એ જ મહાન છે. ભલે તેમાં આવેગથી કામ લેવાનું હોય આ બધું હોવા છતાં કોઇ પણ લક્ષ્યની સિદ્ધિ માટે યુવાની જ પહેલો અને છેલ્લો અવસર છે, અને એટલે જ મહામૂલી તક છે.

આતંકવાદનો સામનો કરવાનું કામ યુવાનો જ કરી શકે. નર્મદા યોજના, ગંગા જેવી નદીને દક્ષિણમાં કૃષ્ણા નંદી સાથે જોડવાની જબરદસ્ત યોજવા યુવાન ટેકનિશયનો, વૈજ્ઞાનિકો જ કરી શકે.

વનીકરણનું કામ, દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં રાહત પહોંચાડવાનું કામ દેશની અખંડિતતા, એકતાને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ને દ્વારકાથી કલકત્તા સુધી પહોંચાડવાનું કામ યુવાનોનું છે. આ તમામ તક યૌવનધન સામે જ પડી છે. હવે તેને માત્ર કસવાની જ જરૂર છે. પછી તો 'યા હોમ કરીન પડો ફતેહ છે આગે.'

સાઇકલયાત્રા, પદયાત્રા દ્વારા કૌટિલ્ય નંદવંશના દુષ્ટ રાજાઓનો વિનાશ કરીને દેશમાં નવું પરિવર્તન આપણે લાવવાનું છે. આજના યુવાનો આતંકવાદી રાક્ષસ સામે પડીને તેને પરાસ્ત કેમ કરી ન શકે?

એક યુવાન દયાનંદ સરસ્વતી કાવતરાઓની પરવા કર્યા વિના ધતિંગ અને પાખંડો સામે લડી શકે તો પછી યુવાનોને એવો જ મહામૂલો અવસર સાંપડ્યો છે. યુવાન ગાંધી દક્ષિણ આફ્રિકામાં કાળાઓ સામે સત્યાગ્રહ કરી શકે તો આજના યુવાનો આદિવાસીઓ અને દલિતો પર થતાં આક્રમણોની સામે જેહાદ શા માટે ન જગાવી શકે?

શિયાળ, કૂતરાઓ, સિંહ સૂતો હોય ત્યાં સુધી જ ભસતા હોય છે. અવાજ કરતાં હોય છે. પણ એકવાર સિંહ જાગૃત થયો અને પોતાની કેશવાળી ઊંચી કરીને છલાંગ મારે તો આ બધાંને ભાગવું જ પડે. જો છિન્નભિન્ન કરી નાખતાં શિયાળિયાઓ કે માંસભોગી ગીધડાઓ કે દેશની તાકાત હરી લેતા પાશવી બળ સામે યુવાનો એક ડણક દઇને ઊભા થાય તો દેશની સમસ્યા માત્ર પાંચ જ વર્ષમાં હલ થઇ જાય અને હિન્દુસ્તાનને ફરી પાછો સ્વર્ગનો આહ્‌લાદ આપી શકાય.

વિકાર, વિકૃતિ, આળસ, અદ્ધતાઇ, પરદેશનું ખોટું અનુકરણ, ફેશન-પરેડ છોડો અને તમારી તાકાતને જોડો. મહામૂલી તકને પકડો.

# ખરેખર આ પ્રોજેક્ટ કોઇ નવી શોધ નથી. સાચો શિક્ષક જાણ્યે - અજાણ્યે બાળકોને વ્યક્તિગત રીતે જ પ્રોત્સાહન પોતાની રીતે આપતો હોય છે, તેનું જ આ આયોજનબદ્ધ કરેલું સ્વરૂપ છે

## પરિશ્રમ - પુરસ્કાર (એક શૈક્ષણિક પ્રયુક્તિ)

**પરિશ્રમ - પુરસ્કારનું અમલીકરણ**

● આ પુરસ્કાર આપવા માટે એક શૈક્ષણિક વર્ષ દરમિયાનમાં તેણે કરેલા અભ્યાસના પરિશ્રમને ગણતરીમાં લેવામાં આવશે, હોંશિયારીને નહિ, હા, જો હોંશિયાર વિદ્યાર્થી પણ પોતાનો પરિશ્રમ વધારી, વધારે હોંશિયાર થશે તો તેને જરૂર ગણતરીમાં લેવાશે.

એક ઉદાહરણ લઇને સમજીએ -

● એક ઠોઠ મનાયેલો વિદ્યાર્થી વર્ષ દરમિયાન મહેનત કરીને પોતાને મળતાં ૧૦ ટકાંમાં વધારો કરી ૨૫ ટકા લાવતો થાય, પોતાના ૧૫ ટકા વધારે, હોંશિયાર વિદ્યાર્થી કે જે ૮૦ ને બદલે ૯૦ ટકા લાવતો થાય તેનાં કરતાં વધારે પરિશ્રમ દર્શાવે છે. તેથી ૧૫ ટકા વધારનાર વિદ્યાર્થીને ઇમાનપાત્ર ગણવામાં આવશે. હા, હોંશિયાર વિદ્યાર્થી જો ૧૬ ટકા વધારશે તો એને જરૂર ઇનામપાત્ર ગણવામાં આવશે.

● હાલમાં માર્કને બદલે ગ્રેડની પ્રથા અમલમાં હોઇ, શિક્ષકનું મૂલ્યાંકન માન્ય ગણવામાં આવશે. વર્ગશિક્ષક પોતે, વિષયશિક્ષકો અને આચાર્યને વિશ્વાસમાં લઇને નિર્ણય કરશે કે, 'ના, આ વિદ્યાર્થી પ્રોત્સાહનને પાત્ર છે.' અને જો પોતે ઇચ્છે તો શાળાની પ્રાર્થનાસભામાં ખાતરી આપશે કે પોતે આવો નિર્ણય લેવામાં કોઇ પણ પ્રકારનો પક્ષપાત નહીં કરે.

● જે તે વર્ષની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને પરિશ્રમ - પુરસ્કારની સમજ આપી, ઇનામની જાહેરાત કરવામાં આવશે અને વાર્ષિક પહેલાં એટલે કે માર્ચના પ્રથમ સપ્તાહમાં જ તે ઇનામો આપી દેવામાં આવશે.

● ઇનામો રોકડમાં અપાશે પણ રૂા. ૧૦૦ થી ઓછા નહિં. દરેકને સરખી જ રકમ અપાશે કે જેથી ઇર્ષા કે વેરવૃત્તિને પ્રોત્સાહન ન મળે.

● શાળા કે વર્ગ દીઠ નક્કી થયેલ સંખ્યા જેટલા જ ઇનામો અપાશે. વધારે કે ઓછાં નહીં, બે ફરીફો ઊભા થયા લાગે તો વિદ્યાર્થીની નિયમિતતા, વર્તન વગેરેને ગણતરીમાં લઇને એકની બાદબાકી કરવામાં આવશે. દરેક શાળા પોતાની પરિસ્થિતિ પ્રમાણે પરિશ્રમને પુરસ્કૃત કરવાના માપદંડો ઘડી શકે છે ને અવારનવાર તેમાં ફેરફાર પણ કરી શકે છે. જેમ કે કોઇ વર્ષે એક જ વિષય પરિશ્રમપાત્ર ગણાય તો કોઇ વર્ષે બે કે બધા જ વિષયો શા શિક્ષણ કે રમતગમતોને પણ દાખલ કરી શકાય. ધોરણ રહેશે મહેનતનું, પરિશ્રમનું, પોતાને જ અતિક્રમવાનું. આ જ કોન્સેપ્ટ છે.

● આ પુરસ્કારનું ૧ થી ૧૨ ધોરણ સુધીમાં કે કોઇ પણ સ્તરે, કોઇ પણ શાળાની અનુકૂળતા મુજબ, દાખલ કરી શકાય છે. જેમ કે ધોરણ ૧ થી ૪માં, કે ૫ થી ૮માં, કે ૯ થી ૧૨માં વગેરે.. વગેરે...

પરંતુ પ્રાથમિક કક્ષાથી જ જો વિદ્યાર્થી સભાન થાય કે; ના હું હોંશિયાર બની શકું.' તો તે જિંદગીભર પરિશ્રમને મહત્ત્વ આપતો થઇ જશે. પછી ભલે ને તેને પછી નવાજવામાં આવે કે નહિં. પરિશ્રમ પરિણામ લાવે જ છે એ એના જીવનની એક આસ્થા બની જશે.

● દરેક વિદ્યાર્થીના રસ-રૂચિ અલગ અલગ હોઇ શકે, પુસ્તકરૂપે અપાયેલ ઇનામો કદાચ કોઇને માફક ન આવે, તેથી ઇનામો રોકડમાં જ અપાશે. છતાં પુસ્તકો પસંદ કરવાં જ હોય તો જીનનચરિત્રો કે આત્મકથાઓને જ પસંદ કરવામાં આવશે.

● ઇનામો મેળવવા ઇચ્છનારે વર્ષે વર્ષે હરિફાઇ કરી પોતાની પરિશ્રમ-ક્ષમંતા વધાર્યા કરવી પડશે. દર વર્ષે નવા નવા વિદ્યાર્થીને જ ઇનામ - પાત્ર ગણવાનું આયોજન રખાશે, ઇરાદો રખાશે.

● 'શિક્ષણમાં પરિશ્રમને જ પ્રોત્સાહન, પરિશ્રમને લીધે વધેલી હોંશિયારીને જ પ્રોત્સાહન'- નું ધોરણ જાળવી રાખી જરૂર પડ્યે નિયમોમાં જરૂરી ફેરફારો કરી શકાશે.

● આ પુરસ્કારનું વ્યવસ્થાતંત્ર એક કે બે સંસ્થાઓ સાથે મળીને અથવા કોઇ દાનેશ્વરી એક વ્યક્તિ પણ ગોઠવી શકાશે. પ્રાર્થના વગેરેમાં અવારનવાર સીધી કે આડકતરી રીતે શાળામાં પરિશ્રમનું વાતાવરણ ઊભું કર્યા કરી, જાળવી રાખવામાં આવશે.

● ખરેખર આ પ્રોજેક્ટ કોઇ નવી શોધ નથી. સાચો શિક્ષક જાણ્યે - અજાણ્યે બાળકોને વ્યક્તિગત રીતે જ પ્રોત્સાહન પોતાની રીતે આપતો હોય છે, તેનું જ આ આયોજનબદ્ધ કરેલું સ્વરૂપ છે. આ પ્રોજેક્ટમાં બાળકોને સભાન રીતે, સકારાત્મક અભિગમ દ્વારા, મનોવિજ્ઞાનનો ઉપયોગ કરી પ્રોત્સાહન અપાય છે. અને પછી પસંદગી કરીને બાળકોને વર્ષાન્તે ઇનમ અપાય છે. જે વિચારનો અમલ વ્યક્તિગત રીતે થતો હોય તેને સામૂહિક રીતે લાગુ કરવો હોય On a Mass - Scale ત્યારે કંક તંત્રરચના તો ગોઠવવી જોઇએ ને? નિયમોની વ્યવસ્થા પણ કરવી જોઇએ. બસ તે જ નિયમ આ પ્રોજેક્ટને પણ લાગુ પડે છે. આમાં બાળક અને શિક્ષણની શક્તિઓને વ્યવસ્થિત કરી, સુમાર્ગે વાળી Canalized કરી - પરિણામદાયી રીતે તેમનો અમલ કરવાનો પ્રયત્ન છે.

● શાળાએ આમાં કોઇ કાગળ કામ કરવાનું નથી. માત્ર વર્ગમાં નિરીક્ષણ, પ્રોત્સાહન અને પછી પસંદ થયેલ બાળકને પુરસ્કૃત કરવાનું ભાવપ્રધાન કામ જ કરવાનું છે. એમાં શિક્ષકને ફરજ બજાવ્યાનો આનંદ Job Satisfaction મળશે એ લાભ તો છે જ. વળી, વર્ગકામ વધુ જીવંત બનશે, ઘરકામ નહિ કરવાના પ્રસંગો ઘટશે.

(ક્રમશ:)